ક્રમાંક: રાજ/સીપી/એલબી/૨/૮૦૩/૯૭.—રાજકોટ શહેરમાં દિન પ્રતિદિન રીક્ષાઓની સંખ્યામાં ઘણોજ વધારો થતો રહે છે. અને શહેરમાં હાલમાં જે રીક્ષા સ્ટેન્ડો છે તે પ્રમાણમાં ઓછા પડે છે. જેથી રીક્ષાવાળાઓ પોતાની રીક્ષાઓ જ્યાં ત્યાં ઉભી રાખે છે. જે ટ્રાફીક સમસ્યા ઉભી કરે છે. જેથી નવા સ્ટેન્ડ મુકરર કરવા આવશ્યક છે. જેથી હાલમાં સદર બજાર રોડ પર સદર બજાર પોલીસ ચોકી પાછળ સત્ય વિજય કોલ્ડ્રીંક હાઉસ નામની દુકાન આવેલ છે. જે દુકાન સામે બેલીમડાના ઝાડ આવેલ છે. તે બંને ઝાડ વચ્ચે સાત રીક્ષાઓ ઉભી રહે તે સબંધિનું રીક્ષા સ્ટેન્ડ નક્કી કરવાનું વિચારણા હેઠળ છે.

સબબ હું, પી.એલ. જાની, પોલીસ કમિશનર, રાજકોટ શહેર, રાજકોટ, મને મુંબઈ પોલીસ અધિનિયમની ૧૯૫૧ની કલમ ૩૩(૧) (ગ) થી મળેલ અધિકારની રૂએ ઉપર્યુકત સ્થળે રીક્ષા સ્ટેન્ડ મંજુર કરવા ઈચ્છું છું.

INDEX

જેથી આ રીક્ષા સ્ટેન્ડ મંજુર કરવામાં આવે તો તે સંબંધમાં કોઈને વાંધા અગર સુચન હોય તો તેમણે તેઓના વાંધા અગર સુચનો લેખીત સ્વરૂપમાં આ જાહેર નોટીશ પ્રગટ થયાની તારીખથી દિન-૧૫માં સહી કરનારની કચેરીએ રજુ કરવા જાણ કરવામાં આવે છે. મુદત વિત્યા પછી મળેલ વાંધા અગર સુચનો ધ્યાને લેવામાં આવશે નહીં. મુદત દરમ્યાન મળેલ વાંધા સુચનો વિચારણામાં લઈ આ કામે આખરી હુકમ બહાર પાડવામાં આવશે.

રાજકોટ, ૨ માહે માર્ચ સને ૧૯૯૭.

જાહેર નોટીશ

ક્રમાંક: રાજ/સીપી/એલબી/૨/૮૦૮/૯૭.—રાજકોટ શહેરમાં દિન પ્રતિદિન વસ્તીનો વધારો થાય છે. જેની સામે રસ્તાઓ પહોળા થતાં નથી. તેમાંય ખાસ કરીને શહેરના મધ્ય ભાગોમાં આ પ્રશ્ન વધુ જોવા મળે છે. કારણ કે વ્યાપારીક સંકુલો દુકાનો આવેલ છે. ત્યાં વેપારીઓ તથા તેઓની દુકાને આવતાં ગ્રાહકો પણ પોતાના વાહનો આડેધડ પાર્કીંગ કરતા હોય છે. જેથી ટ્રાફીક ગીચતાના કારણે ટ્રાફીક વ્યવસ્થિત પસાર થઈ શકતો નથી. અને લોકોને ચાલવાની પણ મુશ્કેલી પડે તેવું સર્જાય છે. અને ટ્રાફીક આવર-જવર જામ પણ થઈ જાય છે.

શહેરનો મહાત્મા ગાંધી રોડ કે જે રોડને અડીને ધર્મેન્દ્ર રોડ આવેલ છે. તેના ખૂણાથી રૈયા નાકા ટાવર સુધીના રસ્તા પર આ સમસ્યા વધુ જોવા મળે છે. વળી ધર્મેન્દ્ર રોડના ખૂણાથી દેના બેંક ચોક સુધી એકી—બેકી તારીખ પ્રમાણેનું જાહેરનામું તથા દેના બેંક ચોકથી મોચી બજાર પોસ્ટ ઓફીસ સુધીના ઢેબર રોડ પર પણ એકી-બેકી પાર્કીંગ જાહેરનામું અમલમાં છે. જેથી વ્યાપારીઓ તથા ગ્રાહકો પોતાના વાહનો ત્યાં પાર્ક કરી શકે તેમ છે.

આથી ઉપર જણાવેલ મહાત્મા ગાંધી રોડ કે જેને અડીને ધર્મેન્દ્ર રોડ આવેલ છે. તેના ખૂણાથી રૈયા નાકા ટાવર સુધીના રસ્તા પર તમામ પ્રકારના વાહનો જેવા કે સાયકલ, રેકડી, ગાડી, મોટર સાયકલ, રીક્ષા, વિગેરે ત્યાં ઉભા ન રહે તે માટે "નો પાર્કીંગ" ઝોન' જાહેર કરવાનું વિચારણા હેઠળ છે.

સબબ હું, પી. એલ. જાની, પોલીસ કમિશનર, રાજકોટ શહેર. મને મુંબઈ પોલીસ અધિનિયમ—૧૯૫૧ની કલમ ૩૩ (૧) (ખ)થી મળેલ સત્તાની રૂએ ઉપર્યુકત સ્થળને "નો પાર્કીંગ" ઝોન મંજુર કરવા ઈચ્છું છું.

જેથી આ "નો પાર્કીંગ" ઝોન મંજુર કરવામાં આવે તો તે સબંધમાં કોઈને વાંધા અગર સુચન હોય તો તેમણે તેઓના વાંધા અગર સુચનો લેખીત સ્વરૂપમાં આ જાહેર નોટીશ પ્રગટ થયાની તારીખથી દિન-૧૫માં સહી કરનારની કચેરીએ રજુ કરવા જાણ કરવામાં આવે છે. મુદત વિત્યા પછી મળેલ વાંધા અગર સુચનો ધ્યાને લેવામાં આવશે નહીં. મુદત દરમ્યાન મળેલ વાંધા સુચનો વિચારણામાં લઈ આ કામે આખરી હુકમ બહાર પાડવામાં આવશે.

રાજકોટ, ૨ માહે માર્ચ સને ૧૯૯૭.

પી. એલ. જાની,
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર.

Printed at the Government Press, Rajkot
Complaints about Gazette must be made within a fortnight
from the date of this Publication accompanied
by the Wrapper.

INDEX

REGISTERED No. GRJ-24

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XXXVIII] MONDAY 7th APRIL, 1997/CAITRA, 17, 1919 [No. 17

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

PART-I EXTRAORDINARY

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

મુંબઈ પોલીસ અધિનિયમ– ૧૯૫૧ના અધિનિયમ– ૨૨ની કલમ ૩૭(૧) અન્વયે કાઢેલ

હુકમ

નં. એમઝેજી/બીપીએ-વશી-૧૧૯૨/૯૭.—રાજકોટ રૂરલ જીલ્લામાં આગામી દિવસોમાં ચેટીચાંડ, ડૉ. બાબા સાહેબ આંબેડકર જન્મ જયંતિ, રામ નવમી, બકરી ઈદ, મહાવીર જયંતિ જેવા હિન્દુ મુસ્લીમ ધાર્મિક તહેવારો આવતા હોઈ આવા સમયે કાયદો અને વ્યવસ્થા જાળવવાના હેતુસર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં જાહેર સુલેહશાંતિ અને કાયમી જાળવી રહે અને કોઈ અનિચ્છનીય બનાવો ન બનવા પામે તે માટે નીચે મુજબ હુકમ જાહેર પાડવાનું અમોને ઈષ્ટ જણાય છે.

તેથી હું, એફ. પી. હાલાણી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જીલ્લા રાજકોટ સને ૧૯૫૧નો મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નો અધિનિયમ ૨૨ની કલમ ૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂએ આ નીચે જણાવેલ વિસ્તારમાં તા. ૫-૪-૯૭ થી તા. ૪-૫-૯૭ સુધી નીચેના કૃત્યોની મનાઈ ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ભાલા, બંદુક, ધોકા, છરી, લાકડી, કે લાઠી શસ્ત્રો, સળગતી મશાલ, અથવા બીજા હથિયાર કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાની કે ધકેલવાની યંત્રો, અથવા સાધનો સાથે લઈ જવા, એકઠા કરવા અથવા તૈયાર કરવાનું.

(૩) મનુષ્યો, અથવા શબ્દો, અથવા આકૃતિઓ, અથવા પુતળા દેખાડવાનું. જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવા ભાષણ કરવાનું તથા હાવભાવ અગર ચેષ્ટા કરવાનું તથા તેવા ચિત્રો, ખેલ કાર્ડો, પત્રિકા, અથવા બીજા કોઈપણ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાનું તથા બનાવવાનું અથવા ફેલાવો કરવાનું..

વિસ્તાર :

(૧) પોલીસ કમિશનરશ્રી, રાજકોટ શહેરી હકુમત સિવાયનો રાજકોટ રૂરલ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

(૨) આ હુકમનો ખંડ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં:–

સરકારી નોકર કે કામ કરતી વ્યકિત કે જેને તેમના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય.

(૩) વૃધ્ધો તથા અશકતો કે જેઓને લાકડીના ટેકે ચાલવાનું હોય. જીલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તરફથી જેને પરવાનગી આપી હોય તેવી વ્યકિતઓ.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેરાત ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં પોલીસ લાઉડ સ્પીકર વાહનો દ્વારા પ્રસારીત કરીને તથા જાહેરમાં દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને અને સ્થાનિક વર્તમાનપત્રો અથવા ગુજરાત રાજયમાં અસાધારણ રાજયપત્રમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

મેં આજરોજ તા. ૩ માહે એપ્રીલ, સને ૧૯૯૭ના રોજ મારી સહી કરી સિક્કો કર્યો.

રાજકોટ, ૩ માહે માર્ચ સને ૧૯૯૭.

એફ. પી. હાલાણી,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
રાજકોટ.

INDEX

કલેકટર દ્વારા
આદેશ

નં. પરચ-કાપ-૧-૯૦૫-૯૭૫/૯૭.—તા. ૩૧-૩-૯૭ની મધ્યરાત્રી સંભવિત ટ્રક ઓપરેટરોની હડતાલને ધ્યાને લઈને લોકોને ખાનગી પેટ્રોલપંપોના જથ્થા પેટ્રોલ-ડીઝલ વિ. સરળતાથી ઉપલબ્ધ થાય તે માટે નીચે મુજબનાં કારણોથી હું, સી. એમ. લેઉવા, આઈ.એ.એસ., કલેકટર, જિલ્લા સુરેન્દ્રનગર, ગુજરાત આવશ્યક ચીજવસ્તુ (પરવાના નિયંત્રણ અને જથ્થા જાહેરાત) આદેશ-૧૯૮૧ની કલમ-૨૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાનાં પેટ્રોલ પંપને હાઈસ્પીડ ડીઝલનાં પરવાનેદારોને પેટ્રોલનો ૫૦૦ લીટરનો જથ્થો તથા હાઈસ્પીડ ડીઝલનો ૨૫૦૦ લીટરનો જથ્થો ઉપરની બીજી સૂચના ન મળે ત્યાં સુધી રીઝર્વ રાખવા અને જથ્થાની ઉપલબ્ધીને લક્ષમાં રાખી પેટ્રોલનાં વધુમાં વધુ ૨૫ લી. અને ડીઝલમાં ૫૦ લી.ની મર્યાદામાં રહી વિતરણ કરવા ફરમાવું છું.

આ આદેશનો જે કોઈ પેટ્રોલપંપ/ડીઝલપંપનાં માલિક/ભાગીદાર સંચાલક કે હિત ધરાવતાં ઈસમો ભંગ કરશે કે ભંગ કરવાની કોશિષ કરશે કે ભંગ કરવામાં મદદ કરશે કે કરેલ હોવાનું માલુમ પડશે તેઓ સામે ગુજરાત આવશ્યક ચીજવસ્તુ (પરવાના નિયંત્રણ અને જથ્થા જાહેરાત) આદેશ-૧૯૮૧ તથા ધી આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ—૧૯૫૫ હેઠળ પગલાં લેવામાં આવશે.

આ આદેશનો અમલ તાત્કાલીક અસરથી અમલમાં આવે છે.

સુરેન્દ્રનગર, ૩૧ માર્ચ, સને ૧૯૯૭.

સી. એમ. લેઉવા
કલેકટર,
સુરેન્દ્રનગર જીલ્લો.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ફોજદારી કાર્યરીતી અધિનિયમ—૧૯૭૩ની કલમ-૧૪૪ નીચે કઢેલું

જાહેરનામું

નં. એમએજી/સી/કલમ-૧૪૪/૪-૯૭.—પરીક્ષા નિયામકશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ દ્વારા તેઓની યુનિવર્સિટીની જુદી જુદી વાર્ષિક પરીક્ષાઓ તારીખ ૩-૪-૯૭થી તારીખ ૧૦-૪-૯૭ સુધી આ જિલ્લામાં લેવાનાર છે. તે વખતે પરીક્ષા કેન્દ્રો અને પાસ લોકો એકત્ર થવા સંભવ છે. અને તેથી પરીક્ષાર્થીઓને ખલેલ પડે તેવો સંભવ છે. આ પરીક્ષાઓ શાંત અને ઓખલાસ ભર્યા વાતાવરણમાં યોજાય તથા બીન અધિકૃત વ્યકિતઓ, પરીક્ષાની કામગીરીને દખલ પહોંચાડે નહીં તે હેતુથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવાનું પુરતુ કારણ અને તેમ થતું અટકાવવા ઉપાય યોજવાનું ઈષ્ટ જણાય છે.

તેથી હું, એસ. કે. લાંગા, જી.એ.એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, જિલ્લા પોલીસ અધિકારીશ્રી, જુનાગઢ અને પોરબંદરના જિલ્લા પોલીસ વિસ્તારમાં સમાવિષ્ટ થતાં આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૨૦૦ મીટર વિસ્તારમાં કે ઈપણ માર્ગ ઉપર કે ચોકમાં ગલીઓમાં, પાંચ કરતાં વધારે સંખ્યામાં લોકોએ ઓકઠા થવું નહીં અગરસેા કાઢવા નહીં તેમજ સુત્રો પોકારવા નહીં.

આ હુકમ જેને મુકિત આપવામાં આવી હોય તેવા ફરજ પરનાં કર્મચારીઓને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાનો અમલ તારીખ ૩-૪-૯૭ થી તારીખ ૧૦-૪-૯૭ સુધી કરવાનો રહેશે. આ જાહેરનામાનો કોઈપણ શખ્સ ભંગ કરે તો કાયદેસરના પગલાં લેવામાં આવશે.

આ જાહેરનામું આજ રોજ તારીખ માહે એપ્રિલ-૧૯૯૭નાં રોજ મારી સહી તથા કચેરીનાં સિકકા કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીની કચેરી, જુનાગઢ જિલ્લો જુનાગઢના જાહેરનામા ક્રમાંક : એમએજી-સી-કલમ-૧૪૪/૪/૯૭, તારીખ ૩-૪-૯૭
નીચેનું સાંધણ

પરિશિષ્ટ

અનુ. નંબર	કોલેજનું સ્થળ,	ગામનું નામ	પરીક્ષા શરૂ થવાની તારીખ	પરીક્ષા પુરી થયાની તારીખ
૧	૨	૩	૪	૫
૧.	ગુરૂકુળ મહિલા કોલેજ,	પોરબંદર.	૩—૪—૯૭	૧૦—૪—૯૭
૨.	કે. નેચ. માધવાણી આર્ટસ/કોમર્સ, કોલેજ.	પોરબંદર.	૩—૪—૯૭	૧૦—૪—૯૭
૩.	ખોડેદરા મહીલા કોલેજ.	પોરબંદર.	૩—૪—૯૭	૧૦—૪—૯૭

INDEX

૧	૨	૩	૪	૫
૪.	એમ. ડી. સાયન્સ કૉલેજ.	પોરબંદર.	૩–૪–૯૭	૧૦–૪–૯૭
૫.	બીરલા સાગર કૉમર્સ, (હોમ સાયન્સ કૉલેજ)	પોરબંદર.	૩–૪–૯૭	૧૦–૪–૯૭
૬.	આર્ટસ કૉમર્સ કૉલેજ.	માંગરોળ.	૩–૪–૯૭	૧૦–૪–૯૭
૭.	એન. પી. આર્ટસ/કૉમર્સ કૉલેજ.	કેશોદ.	૩–૪–૯૭	૧૦–૪–૯૭
૮.	સી. પી. ચોકસી આર્ટસ/કૉમર્સ, કૉલેજ.	વેરાવળ.	૩–૪–૯૭	૧૦–૪–૯૭
૯.	મહિલા આર્ટસ/કૉમર્સ કૉલેજ.	વેરાવળ.	૩–૪–૯૭	૧૦–૪–૯૭
૧૦.	આર્ટસ/કૉમર્સ, કૉલેજ.	મેંદરડા.	૩–૪–૯૭	૧૦–૪–૯૭
૧૧.	આર્ટસ/કૉમર્સ કૉલેજ.	બરવાળા.	૩–૪–૯૭	૧૦–૪–૯૭
૧૨.	દેવમણું આર્ટસ/કૉમર્સ, કૉલેજ.	વિસાવદર.	૩–૪–૯૭	૧૦–૪–૯૭
૧૩.	આર્ટસ/કૉમર્સ, કૉલેજ.	માણાવદર.	૩–૪–૯૭	૧૦–૪–૯૭
૧૪.	કૉમર્સ, કૉલેજ.	જુનાગઢ.	૩–૪–૯૭	૧૦–૪–૯૭
૧૫.	બહાઉદ્દીન વિજ્ઞાન કૉલેજ.	જુનાગઢ.	૩–૪–૯૭	૧૦–૪–૯૭
૧૬.	વેકેશનર મહિલા કૉલેજ.	જુનાગઢ.	૩–૪–૯૭	૧૦–૪–૯૭
૧૭.	ડૉ. સુભાષ મહિલા આર્ટસ, કૉલેજ.	જુનાગઢ.	૩–૪–૯૭	૧૦–૪–૯૭
૧૮.	મહિલા આર્ટસ/કૉમર્સ કૉલેજ.	જુનાગઢ જોષીપુરા.	૩–૪–૯૭	૧૦–૪–૯૭
૧૯.	ગાર્ડી આર્ટસ/કૉમર્સ, કૉલેજ.	માંગરોળ/હાટીના	૩–૪–૯૭	૧૦–૪–૯૭
૨૦.	સરમણ મુંજા આર્ટસ/કૉમર્સ, કૉલેજ.	કુતિયાણા.	૩–૪–૯૭	૧૦–૪–૯૭
૨૧.	સૌરાષ્ટ્ર એજ્યુકેશન ટ્રસ્ટ, કૉમર્સ, કૉલેજ.	જુનાગઢ.	૩–૪–૯૭	૧૦–૪–૯૭

એસ. કે. લાંગા,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો, જુનાગઢ.

Printed at the Government Press, Rajkot
Complaints about Gazette must be made within a fortnight
from the date of this Publication accompanied
by the Wrapper.

INDEX

REGISTERED No. GRJ.-24

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XXXVIII] WEDNESDAY, 30th APRIL, 1997/VAISAKHA 10, 1919 No. 18

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

PART-I EXTRAORDINARY

પોલીસ કમિશનર દ્વારા

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના નિયમ ૨૨ની કલમ ૩૭—(૧) અન્વયે કાઢેલ હુકમ.

ક્રમાંક : એસ. બી. જાહેરનામું/૧૨૫૫/૯૭.—રાજકોટ શહેરમાં આગામી તા. ૧૮-૫-૯૭ નાં રોજ મહોરમનો તહેવાર હોઈને તેમજ સૌરાષ્ટ્ર યુનિવર્સીટી તરફથી પરીક્ષાઓ ચાલુમાં હોય અને વર્તમાન પરિસ્થિતીને અનુલક્ષીને રાજકોટ શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાય રહે અને કોઈપણ પ્રકારનો અનિચ્છનીય બનાવ બનવા ન પામે તે હેતુસર જાહેરનામું બહાર પાડવાનું અમોને ઈષ્ટ જણાય છે.

જેથી હું, પી. એલ. જાની, આઈ. પી. એસ. પોલીસ કમિશનર, રાજકોટ શહેર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના નિયમ ૨૨ની કલમ ૩૭(૧) થી મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તા. ૧/૫/૯૭ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૧/૫/૯૭નાં કલાક ૨૪-૦૦ સુધીના નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, ચપ્પુ, બરછી, અગ્નિશસ્ત્રો, સોટા, લાકડી, અથવા લાઠી અથવા ડંડો, તલવાર, ભાલું, મિસાઈલ, વિ. સાથે તેમજ શારીરિક હિંસા પહોંચાડવા માટે ઉપયોગમાં લઈ શકાય તેવી કોઈપણ ચીજ લઈ જવાની કે એકઠા કરવાની તૈયારી કરવાની કે ધારણ કરવાની.

(ખ) કોઈપણ ભયકારક અથવા પેટાવેલી મશાલ લઈ જવાની

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેંકવા કે નાંખવા માટે યંત્રો અથવા સાધનો લઈ જવાનીનાં એકઠા કરવાની, તૈયારી કરવાની.

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની

(ચ) વ્યક્તિ અથવા તેનાં શબ અથવા આકૃતિઓનાં પૂતળાં દેખાડવની અથવા ચિત્રો, નિશાનીઓ જાહેર ખબર અથવા તેનો ફેલાવો કરવાની તેવાં અધિકારીઓના અભિપ્રાય જોખમાતા હોય અથવા તેને પરિણામે રાજ્યની સત્તા ઉથલી પડવા સંભવ હોય તેવાં છટાકેદાર ભાષણ આપવાની કે તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : પોલીસ કમિશનર રાજકોટ શહેરની હકુમત તળેનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ ખંડ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરો કરતી વ્યકિત કે જેનેતેના ઉપરીઅધિકારીઓએ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા લઈ જવાની તેની ફરજોમાં આવતું હોય.

(૨) વૃધ્ધ અશકત લોકો કે જેને લાકડીને ટેકે ચાલવાનું હોય.

(૩) પોલીસ કમિશનર રાજકોટ શહેર તરફથી જેને પરવાનગી આપી હોય તેવી વ્યકિતઓ.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ની મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેરાત ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં પોલીસ લાઉડ સ્પીકર દ્વારા પ્રસારીત કરી તેમજ જાહેરમાં દેખી શકાય તેવી જગ્યાઓ ચોંટાડીને સ્થાનિક વર્તમાન પત્રોમાં અને ગુજરાત રાજ્યના અસાધારણ રાજ્યપત્રમાં જાહેરાત પ્રસિધ્ધ કરવા ફરમાવું છું.

મેં આજરોજ તા. ૨૮-૪-૯૭ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો કરેલ છે.

રાજકોટ, ૨૮ માહે એપ્રિલ સને ૧૯૯૭.

પી. એલ. જાની
પોલીસ કમિશનર,
રાજકોટ શહેર.

Printed at the Government Press, Rajkot
Complaints about Gazette must be made within a fortnight from the date of this Publication accompanied by the Wrapper.

INDEX

REGISTERED No. GRJ.-24

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XXXVIII] TUESDAY, 6th MAY, 1997/VAISAKHA 16, 1919 No. 19

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

PART-I

EXTRAORDINARY

પોલીસ કમિશ્નર દ્વારા

જાહેર નોટીશ

ક્રમાંક:રાજ/સીપી/એલબી/૨/૧૦૯૭/૯૭.— રાજકોટ શહેરમાં આવેલ ઢેબરરોડ પર મ્યુનિસિપાલીટી ચોક આવેલ છે. જે રસ્તા પર નાના મોટા વાહનોનો ટ્રાફીક ઘણોજ બહોળો રહે છે. આ રસ્તા અંગે પ્રાદેશિક વાહન વ્યવહાર સમિતિ, રાજકોટે તેઓના જાહેરનામા તા. ૪/૭/૧૯૭૦ થી અશોક ગેસ્ટ હાઉસની વાયર ફેનેસીંગને અડીને પાંચ રીક્ષા ઉભી રહે તે મુજબનું રીક્ષા સ્ટેન્ડ મુકરર કરેલ અને તે સબંધિનું જાહેરનામું હાલમાં પણ અમલમાં છે. પરંતુ હાલની આ રોડ પરની ટ્રાફીક આવર જવરનું પ્રમાણ જોતા આ રોડ પર રીક્ષાઓ ઉભી રહે તો ટ્રાફીક પસાર થવામાં અડચણરૂપ થાય છે. જેથી ત્યાંથી રીક્ષા સ્ટેન્ડ રદ કરવાનુ હિતાવહ જણાય છે.

ઉપર જણાવેલ રીક્ષા સ્ટેન્ડ રદ થવાથી રીક્ષાવાળાઓને પોતાની રીક્ષાઓ ઉભી રાખવા માટે વૈકલ્પીક જગ્યા કે જે આ હાલના રીક્ષા સ્ટેન્ડ- વાળી જગ્યાની બાજુમાં જ રજપુતપરા મેઈન રોડ પર અશોક ગેસ્ટ હાઉસની દિવાલ એટલે કે રજપુતપરા તરફના રસ્તા પર પાંચ રીક્ષાઓ ઉભી રહી શકે તેમ છે.

આમ હાલનું ઢેબર રોડ પર આવેલ રીક્ષા સ્ટેન્ડ રદ કરી ત્યાંથી ફેરવી ઉપર જણાવેલ સ્થળે પાંચ રીક્ષા ઉભી રાખવા માટે રીક્ષા સ્ટેન્ડ મુકરર કરવાનું વિચારણા હેઠળ છે.

સબબ હું, પી. એલ. જાની, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર મને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ગ) થી મળેલ સત્તાની રૂએ ઉપર મુજબ રીક્ષા સ્ટેન્ડ રદ કરી અને ઉપર મુજબનું નવું રીક્ષા સ્ટેન્ડ મંજુર કરવા ઈચ્છું છું.

જેથી આ રીક્ષા સ્ટેન્ડ રદ કરવા કે નવી જગ્યાએ મુકરર કરવામાં આવે તો તે સંબંધમાં કોઈને વાંધા અગર સુચન હોય તો તેમણે તેઓના વાંધા-અગર સુચનો લેખીત સ્વરૂપમાં આ જાહેર નોટીસ પ્રગટ થયાની તારીખથી દિન-૧૫માં સહી કરનારની કચેરીએ રજુ કરવા જાણ કરવામાં આવે છે. મુદત વિત્યા પછી મળેલ વાંધા અગર સુચનો ધ્યાને લેવામાં આવશે નહીં મુદત દરમ્યાન મળેલ વાંધા સુચનો વિચારણામાં લઈ આ કામે આખરી હુકમ બહાર પાડવામાં આવશે.

રાજકોટ, ૨ માહે મે સને ૧૯૯૭.

પી. એલ. જાની,
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર.

Printed at the Government Press, Rajkot
Complaints about Gazette must be made within a fortnight from the date of this Publication accompanied by the Wrapper.

INDEX

REGISTERED No. GRJ-24

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XXXVIII] THURSDAY 8th MAY, 1997/VAISHAKHA, 18, 1919 [No. 20

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

PART-I EXTRAORDINARY

પોલીસ કમીશનર દ્વારા

જાહેર નોટીસ

ક્રમાંક:રાજ/સીપી/એલબી/૨/૧૧૦૦/૯૭ રાજકોટ શહેરમાં આવેલ મોહનદાસ ગાંધી વિદ્યાલયની દક્ષિણે આવેલ દિવાલને અડીને જે રસ્તો છે. ત્યાં જીલ્લા મેજી.કચેરીઓ જાહેરનામા નં. જે.એમ.જી, ૭૦૫ તા. ૧૨-૨-૬૯થી આ જગ્યાએ પાંચ ટ્રકો પાર્ક કરી શકે તેવું જાહેરનામું બહાર પાડેલ જે તે વખતે શહેરમાં ટ્રકો તથા વસ્તીનું પ્રમાણ ઘણું જ ઓછું હતું. હાલમાં આ જગ્યા શહેરના ગીચ વેપારી વિસ્તારમાં આવી ગયેલ છે. આજુબાજુ બે કો, કોમર્શીયલ કોમ્પલેક્ષ ખુબ જ વધી ગયેલ છે. જેથી નાના વાહનોને પાર્ક કરવાની વિકટ સમસ્યા ઉભી થાય છે. જેથી ટ્રક પાર્ક કરવામાં અન્ય ટ્રાફીકની અવર-જવર વધી જવાથી રસ્તો સાંકડો થઈ જાય છે.

તેમજ ટ્રકો આ જગ્યાએ આવે ત્યારે અને ત્યાથી બહાર નીકળે ત્યારે આગળ-પાછળ લેવામાં ટ્રાફીક જામ કરે છે. અથવા ચંદુલાલ બુચ માર્ગ કે જે ભારે વાહનો માટે પ્રતિબંધિત છે. તે પરથી બહાર નીકળે છે. જેથી પાર્કીંગ સ્થળ રદ કરવાની આવશ્યકતા જણાય છે:

સબબ હું પી. એલ. જાની, પોલીસ કમીશનર, રાજકોટ શહેર અને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)થી મળેલ સત્તાની રૂએ ઉપર્યુકત જાહેરનામું રદ કરવા ઈચ્છું છું.

જેથી આ જાહેરનામું બહાર પાડવા સંબંધમાં કોઈને વાંધા અગર સુચન હોય તો તેમણે તેઓનાં વાંધા અગર સૂચન લેખીત સ્વરૂપમાં આ જાહેર નોટીસ પ્રગટ થયાની તારીખથી દિન-૧૫ માં સહી કરનારની કચેરીએ રજુ કરવા જાણ કરવામાં આવે છે. મુદત વિત્યા પછી મળેલ વાંધા અગર સુચનો ધ્યાને લેવામાં આવશે નહીં મુદત દરમ્યાન મળેલ વાંધા સુચનો વિચારણામાં લઈ આ કામે આખરી હુકમ બહાર પાડવામાં આવશે.

રાજકોટ ૭ માહે મે સને ૧૯૯૭.

જાહેર નોટીસ

ક્રમાંક: રાજ/સીપી/એલબી/૨/૧૧૦૧/૯૭. રાજકોટ શહેરમાં આવેલ કરણસિંહજી રોડ કે જે રોડને અન્ત્રેના જાહેરનામાં ક્રમાંક:સીબી-૩૪૦-૪/ટ્રાફીક/૩૬૦૪/૮૨, તા.. ૨૦-૩-૮૨થી આશાપુરા રોડને આ રોડ મળે છે તે ખુણાથી કરણસિંહજી હાઈસ્કુલ ચોક સુધી પ્રવેશ બંધી એટલે કે વન-વે કરવામાં આવેલ છે.

હાલમાં આ રોડ કે જે પહોળો બનાવવામાં આવેલ છે જેથી હાલની તકે સામ-સામા ભારે વાહનો પણ પસાર થઈ શકે તેટલો પહોળો રોડ હોય વન-વે રાખવો જરૂરી જણાતો નથી. સબબ હું પી. એલ. જાની, પોલીસ કમીશનર, રાજકોટ શહેર મને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) થી મળેલ સત્તાની રૂએ ઉપર્યુકત રસ્તાને વન-વે રદ કરવા ઈચ્છું છું.

જેથી આ રોડ વન-વે રદ કરવા સબંધમાં કોઈને વાંધા અગર સુચન હોય તો તેમણે તેઓના વાંધા અગર સુચનો લેખીત સ્વરૂપમાં આ જાહેર નોટીશ પ્રગટ થયાની તારીખથી દિન-૧૫માં સહી કરનારની કચેરીએ રજુ કરવા જાણ કરવામાં આવે છે. મુદત વિત્યા પછી મળેલ વાંધા અગર સુચનો ધ્યાને લેવામાં આવશે નહિ. મુદત દરમ્યાન મળેલ વાંધા, સુચનો વિચારણામાં લઈ આ કામે આખરી હુકમ કરવામાં બહાર પાડવામાં આવશે.

રાજકોટ, ૭ માહે મે સને ૧૯૯૭

જાહેર નોટીસ

ક્રમાંક: રાજ/સીપી/એલબી ૨/૧૦૯૮/૯૭.-રાજકોટ શહેરમાં આવેલ શારદાબાગની પૂર્વ બાજુનો રસ્તો અન્ત્રેના જાહેરનામાં ક્રમાંક: સીબી/૩૪૦/૪/૧૪૯૯/૮૩, તા. ૨૨/૬/૮૩થી વન-વે કરવામાં આવેલ છે.

INDEX

આ રસ્તા પર બંને બાજુથી વાહનો અવર-જવર કરે છે. તેમજ આ રસ્તો પહોળો છે જેથી વન-વે રાખવો જરૂરી જણાતો નથી.

સબબ હું, પી. એલ. જાની, પોલીસ કમીશ્નર, રાજકોટ શહેર, રાજકોટ મને મળેલ મુંબઈ પોલીસ અધિનિયમ—૧૯૫૧ની કલમ-૩૩ (૧) થી મળેલ સત્તાની રૂએ ઉપર્યુકત વન-વે રદ કરવાનું જાહેર કરી બંને તરફથી અવર-જવર માટે ખુલ્લો રાખવાનું ઈચ્છું છું.

જેથી આ જાહેરનામું બહાર પાડવા સબંધમાં કોઈને વાંધા અગર સુચન હોય તો તેમને તેઓના વાંધા અગર સુચનો લેખીત સ્વરૂપમાં આ જાહેર નોટીસ પ્રગટ થયાની તારીખથી દિન-૧૫માં સહી કરનારની કચેરીએ રજુ કરવા જાણ કરવામાં આવે છે. મુદત વિત્યા પછી મળેલ વાંધા અગર સુચનો ધ્યાને લેવામાં આવશે નહીં. મુદત દરમ્યાન મળેલ વાંધા -સૂચન વિચારણામાં લઈ આ કામે આખરી હુકમ બહાર પાડવામાં આવશે.

રાજકોટ, ૭ માહે મે સને ૧૯૯૭.

જાહેર નોટીસ

ક્રમાંક: રાજા/સીપી/એલબી/૨/૧૦૯૯/૯૭.- શહેરમાં વાહનોની સંખ્યામાં ખૂબ જ પ્રમાણમાં વધારો થતો રહે છે. અને વાહન ચાલકો પોતાના મોટર વાહનો આડેધડ પાર્કીંગ કરતા હોય છે. જેના કારણે ટ્રાફીક પસાર થવામાં અવરોધ રૂપ બની રહે છે. જેથી પાર્કીંગ સ્ટેન્ડ મુકરર કરવા ઈચ્છનીય ગણાય જેથી નિયત સ્થળે પાર્કીંગ થાય.

ઉપર મુજબની સમસ્યા હેબરરોડ પર જોવા મળે છે. જેથી આ રોડ પર દેના બેંક પાસેથી અમુલખ એન્ડ કંપની નામની દુકાનથી જી. એન્ડ સન્સ નામની દુકાન સુધી મોટર કાર પાર્કીંગ ફકત રોડની પશ્ચિમ બાજુએ થાય તેમજ આ જ રોડ પર જીવન કેમીકલ કો.ઓ. બેન્કથી રાજકોટ સર્વીસ સ્ટેશન સુધી કાર પાર્કીંગ ફકત રોડની પૂર્વ બાજુએ થાય તે મુજબ કાર પાર્કીંગ જાહેર કરવાનું વિચારણા હેઠળ છે.

સબબ હું, પી. એલ. જાની, પોલીસ કમીશ્નર, રાજકોટ શહેર મને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩ (૧)થી મળેલ સત્તાની રૂએ ઉપર્યુકત સ્થળોને કાર પાર્કીંગ જાહેર કરવા ઈચ્છું છું.

જેથી આ જાહેરનામું બહાર પાડવા સબંધમાં કોઈને વાંધા અગર સુચન હોય તો તેમણે તેઓના વાંધા અગર સુચનો લેખીત સ્વરૂપમાં આ જાહેર નોટીસ પ્રગટ થયાની તારીખથી દિન-૧૫માં સહી કરનારની કચેરીએ રજુ કરવા જાણ કરવામાં આવે છે. મુદત વિત્યા પછી મળેલ વાંધા અગર સુચનો ધ્યાને લેવામાં આવશે નહીં. મુદત દરમ્યાન મળેલ વાંધા સુચનો વિચારણામાં લઈ આ કામ આખરી હુકમ બહાર પાડવામાં આવશે.

રાજકોટ, ૭ માહે મે સને ૧૯૯૭.

પી. એલ. જાની,
પોલીસ કમીશ્નર,
રાજકોટ શહેર

Printed at the Government Press, Rajkot
Complaints about Gazette must be made within a fortnight
from the date of this Publication accompanied
by the Wrapper.

INDEX

REGISTERED No G.RJ.-24

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XXXVIII] TUESDAY, 13th MAY, 1997/VAISAKHA 23, 1919 [No. 21

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

PART-I EXTRAORDINARY

અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના અધિનિયમ-૨૨ની કલમ ૩૭(૧) અન્વયે કાઢેલ

હુકમ

નં. એમએજી -બીપીએ - વશી/૧૫૧૩/-૯૭.—રાજકોટ રૂરલ જીલ્લામાં આગામી દિવસોમાં મહોરમ તાજીયાનો મુસ્લીમ ધાર્મિક તહેવાર આવતાં હોય, આવા સમયે કાયદો અને વ્યવસ્થા જાળવવાના હેતુસર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં જાહેર સુલેહ શાંતિ અને સલામતી જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવો ન બનવા પામે તે માટે નીચે મુજબ હુકમ બહાર પાડવાનું અમોને ઈષ્ટ જણાય છે.

તેથી હું, એફ. પી. હાલાણી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જીલ્લા , રાજકોટ, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧નો અધિનિયમ ૨૨)ની કલમ ૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂએ આ નીચે જણાવેલ વિસ્તારમાં તા. ૬-૫-૯૭થી તારીખ ૪-૬-૯૭ સુધી નીચેના કૃત્યોની મનાઈ ફરમાવું છું.

(૧) હથિયાર તલવાર, ભાલા, બંદુક, ધોકા, છરી, લાકડી કે લાઠી, શસ્ત્રો સળગતી મશાલ અથવા બીજા હથિયાર કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાની કે ધકેલવાની, યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા, એકઠા કરવા અથવા તૈયાર કરવાનું.

(૩) મનુષ્યો અથવા શબ્દો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું, જેનાથી સુરૂચી અથવા નીતિનો ભંગ થાય તેવા ભાષણ કરવાનું તથા હાવભાવ અગર ચેષ્ટા કરવાનું તથા તેવા ચિત્રો, પ્લેકાર્ડો, પત્રિકા અથવા બીજા કોઈપણ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાનું તથા બનાવવાનું અથવા ફેલાવો કરવાનું.

વિસ્તાર :

(૧) પોલીસ કમિશનરશ્રી, રાજકોટ શહેરી હકુમત સિવાયનો રાજકોટ રૂરલ જીલ્લાનો સમગ્ર વિસ્તાર.

(૨) આ હુકમનો ખંડ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(અ) સરકારી નોકર કે કામ કરતી વ્યકિત કે જેને તેમના ઉપરી અધિકારીએ કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય.

(બ) વૃધ્ધ તથા અશકતો કે જેઓને લાકડીના ટેકે ચાલવાનું હોય.

(ક) જીલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તરફથી જેને પરવાનગી આપી હોય તેવી વ્યકિતઓ.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ– ૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેરાત ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં પોલીસ લાઉડ સ્પીકર વાહનો દ્વારા પ્રસારીત કરીને તથા જાહેર દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને અને સ્થાનીક વર્તમાનપત્રો અથવા ગુજરાત રાજયમાં અસાધારણ રાજયપત્રનાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

મેં આજરોજ તા. ૫-૫-૧૯૯૭ના રોજ મારી સહી કરી સીકકો કર્યો.

રાજકોટ, ૫ માહે મે સને ૧૯૯૭.

એફ. પી. હાલાણી,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
રાજકોટ.

Printed at the Government Press, Rajkot.
Complaints about Gazette must be made within a fortnight from the date of this publication accompanied by the Wrapper.

REGISTERED No. GRJ.-24

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XXXVIII] WEDNESDAY 14th MAY, 1997/VAISAKHA, 24, 1919 [No. 22

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

PART-I

EXTRAORDINARY

પોલીસ કમિશ્નર દ્વારા
જાહેર નોટીસ

ક્રમાંક: રાજ/સીપી/એલબી/૨/૧૧૬૨/૯૭.—રાજકોટ શહેરમાં આવેલ જંકશન પ્લોટ પોલીસ ચોકીની બાજુમાં હાલમાં જે રીક્ષા સ્ટેન્ડ આવેલ છે તે સંબંધે રજુઆત મળતા હાલ નું રીક્ષા સ્ટેન્ડ ત્યાંથી ખસેડી જંકશનમાં જવાના દરવાજાથી ઉત્તરે ૨૦૬ ફુટ દૂર રોડની પૂર્વ બાજુએ જંકશન પોલીસ ચોકી પાસે મુકરર કરવાનું વિચારણા હેઠળ છે.

સબબ હું, પી. એલ. જાની, પોલીસ કમીશનર, રાજકોટ શહેર મને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) થી મળેલ સત્તાની રૂએ અગાઉ જે પ્રાદેશિક વાહન વ્યવહાર સમિતિ, રાજકોટ દ્વારા તેઓના જાહેરનામાનું તા. ૪-૭-૯૦ થી જે રીક્ષા સ્ટેન્ડ મુકરર કરેલ છે જે રદ કરી ઉપર મુજબના સ્થળે મુકરર કરવા ઈચ્છું છું.

જેથી સદરહુ રીક્ષા સ્ટેન્ડ રદ કરવા તથા નવી જગ્યાએ મુકરર કરવામાં કોઈને વાંધા અગર સુચન હોય તો તેમણે તેઓના વાંધા અગર સુચનો લેખીત સ્વરૂપમાં આ જાહેર નોટીસ પ્રગટ થયાની તારીખથી દિન-૧૫ માં સહી કરનારની કચેરીએ રજુ કરવા જાણ કરવામાં આવે છે. મુદત વિત્યા પછી મળેલ વાંધા અગર સુચનો ધ્યાને લેવામાં આવશે નહીં. મુદત દરમ્યાન મળેલ વાંધા સુચનો વિચારણામાં લઈ આ કામે આખરી હુકમ બહાર પાડવામાં આવશે.

રાજકોટ, ૧૩ માહે મે સને ૧૯૯૭.

પી. એલ. જાની,
પોલીસ કમીશનર,
રાજકોટ શહેર.

Printed at the Government Press, Rajkot
Complaints about Gazette must be made within a fortnight from the date of this Publication accompanied by the Wrapper.

INDEX

REGISTERED No. GRJ.-24

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XXXVIII] THURSDAY 5th JUNE, 1997/JYAISTHA, 15, 1919 [No. 23

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

PART-I EXTRAORDINARY

કલેક્ટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ :

નાં. જીકે/ક્યુએલ/૧૫૦/૫૨૨૩.-કચ્છ મીનરલ્સ માંડવીને બેન્ટોનાઈટ ખનિજ માટે ૧૦ વર્ષ સુધી ઉત્પન્ન પટ્ટો નીચે જણાવેલ વિગતે ઓથેની કચેરીના હુકમ નાં. જીકે/ક્યુએલ/૧૫૦/-૯૩૨ થી ૯૩૭ તા. ૨૮-૦૩-૭૩થી મંજૂર કરવામાં આવેલ.

તાલુકો : માંડવી ગામ : નાનારતીયા સ. નાં. ૧૩૩ પૈકી વિસ્તાર ૨—૮૩—૦૦ હેકટર સદરહુ ઉત્પન્ન પટ્ટો તા.૬-૦૮-૭૩ ના રોજ કાર્યાન્વિત કરી આપવામાં આવેલ.

(૪) પટ્ટેદાર તરફથી સરન્ડર કરવામાં આવતાં.

આથી ગુજરાત ગૌણ ખનિજ ધારા ૧૯૬૬નાં નિયમ ૧૮ (૧) (સી) હેઠળ મળેલ સત્તાનાં આધારે મંજૂર/કાર્યાન્વિત કરેલ વિસ્તાર ફરીથી મંજૂર કરવા માટે તારીખ ૭-૭-૯૭ થી ઉપલબ્ધ જાહેર કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

કચ્છ-ભુજ, ૩૧ માહે મે સને ૧૯૯૭.

———

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ધારો ૧૯૬૬ :

નાં. જી.કે./ક્યુએલ/૭૦૩/૫૨૨૧,—કચ્છ મીનરલ્સ, માંડવીને બેન્ટોનાઈટ ખનિજ માટે ૧૦ વર્ષ સુધી ઉત્પન્ન પટ્ટો નીચે જણાવેલ વિગતે ઓથેની કચેરીના હુકમ નાં. જી.કે./ક્યુએલ/૭૦૩/૬૬૫૫ તા. ૬--૧૨--૭૯ થી રીન્યુઅલ / મંજુર કરવામાં આવેલ (તા.૧૯/૫/૭૯નીઆસરથી)

તાલુકો : માંડવી ગામ : વડીયા સ.નાં. ૪૧૮ પૈકી વિસ્તા ૧--૦૦--૦૦ હેકટર સદરહું ઉત્પન્ન પટ્ટો તા. ૧૧--૧૨--૮૧નાંરોજ રીન્યુઅલ કરારખત કાર્યાન્વિત કરી આપવામાં આવેલ.

(૪) પટ્ટેદાર તરફથી સરન્ડર કરવામાં આવતાં

આથી ગુજરાત ગૌણ ખનિજ ધારા ૧૯૬૬નાં નિયમ ૧૮(૧)(સી) હેઠળ મળેલ સત્તાના આધારે મંજુર/કાર્યાન્વિત કરેલ વિસ્તાર ફરીથી મંજુર કરવા માટે તારીખ ૭--૭--૯૭ થી ઉપલબ્ધ જાહેર કરવામાં આવેલ છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

કચ્છ–ભુજ, ૩૧ માહે મે સને ૧૯૯૭.

———

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ધારો--૧૯૬૬ :

નાં. જીકે.ક્યુએલ/૮૩૯/૫૨૨૫.—કચ્છ મીનરલ્સ, માંડવીને બેન્ટોનાઈટ ખનિજ માટે ૧૦ વર્ષ સુધી ઉત્પન્ન પટ્ટો નીચે જણાવેલ વિગતે ઓથેની કચેરીના હુકમ નાં. જી.કે./ક્યુ.એલ/૮૩૯/૨૫૯૬ તા. ૨૦--૫--૬૯ થી મંજુર કરવામાં આવેલ.

તાલુકો :માંડવી ગામ : હમલા સ. નાં. ૧૮૩ પૈકી વિસ્તાર : ૬-૩૧--૦૦ હેકટર સદરહું ઉત્પન્ન પટ્ટો તા. ૧૧--૮--૬૯નાં રોજ કાર્યાન્વિત કરી આપવામાં આવેલ.

(૪) પટ્ટેદાર તરફથી સરન્ડર કરવામાં આવતાં.

આથી ગુજરાત ગૌણ ખનિજ ધારા, ૧૯૬૬નાં નિયમ ૧૮(૧) (સી) હેઠળ મળેલ સત્તાના આધારે મંજુર / કાર્યાન્વિત કરેલ વિસ્તાર

INDEX

ફરીથી મંજુર કરવા માટે તારીખ ૭--૭--૯૭ થી ઉપલબ્ધ જાહેર કરવામાં આવેલ છે.

ગુજરાત રાજ્યપાલકરીનાં હુકમથી અને તેમના નામે.

ભુજ-કચ્છ, ૩૧ માહે મે સને ૧૯૯૭.

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ધારો ૧૯૬૬

નાં. જીકે/ક્યુએલ ૨૭૧૬/૫૨૨૯.—

શ્રી ખીમજી જેસીંગ એન્ડ કું. બ્લેક સ્ટોન ખનિજ માટે ૧૦ વર્ષ સુધી ઉત્ખન્ન પટ્ટો નીચે જણાવેલ વિગતે અત્રેની કચેરીના હુકમ નાં. જી.કે./ક્યુએલ/૨૭૧૬/ ૫૩૧૨ થી ૫૩૧૬ તા. ૧૦--૮--૧૯૮૩ થી મંજુર કરવામાં આવેલ.

તાલુકો અંજાર ગામ : વીડી સ. નાં. : ૧૦૧ પૈકી વિસ્તાર ૨--૨૫--૦૦ હેકટર સદરહું ઉત્ખન્ન પટ્ટો તા. ૬--૩--૮૪ નાં રોજ કાર્યાન્વિત કરી આપવામાં આવેલ.

(૪) પટ્ટેદાર તરફથી સરન્ડર કરવામાં આવનાં

આથી ગુજરાત ગૌણ ખનિજ ધારા ૧૯૬૬નાં નિયમ ૧૮ (૧) (સી) હેઠળ મળેલ સત્તા ના આધારે મંજુર / કાર્યાન્વિત કરેલ વિસ્તાર ફરીથી મંજૂર કરવા માટે તારીખ ૭--૭--૯૭થી ઉપલબ્ધ જાહેર કરવામાં આવેલ છે.

ગુજરાત રાજ્યપાલકરીના હુકમથી અને તેમના નામે

કચ્છ—ભુજ, ૩૧ માહે, મે સને ૧૯૯૭.

જાહેરનામ

ગુજરાત ગૌણ ખનિજ ૧૯૬૬.

નાં. જીકે/ક્યુએલ/૩૯૭૨/૫૨૨૭.—શ્રી રાજદિપસિંહજી એમ. ચુડાસમાને બ્લેક ટ્રેપ ખનિજ માટે દશ વર્ષ સુધી ઉત્ખન્ન પટ્ટો નાચે જણાવેલ વિગતે અત્રેની કચેરીના હુકમ નાં. જી.કે./ક્યુએલ ૩૯૭૨/૬૨૮૦ થી ૬૨૮૪ તા. ૭-૧૧-૯૯ થી મંજૂર કરવામાં આવેલ.

તાલુકો : ભુજ, ગામ : લાખોંદ, સ. નાં. ૧૪૮ પૈકી વિસ્તાર ૧—૨૦—૦૦ હેકટર સદરહુ ઉત્ખન્ન પટ્ટો તા. — નાં રોજ કાર્યાન્વિત કરી આપવામાં આવેલ.

(૨) સદરહુ લીઝપટ્ટો મંજૂરી હુકમથી ૯૦ દિવસમાં કાર્યાન્વિત કરાવેલ નહોતા.

આથી ગુજરાત ગૌણ ખનિજ ધારા ૧૯૬૬નાં નિયમ ૧૮ (૧)(સી) હેઠળ મળેલ સત્તાનાં આધારે મંજૂર/કાર્યાન્વિત કરેલ વિસ્તાર ફરીથી મંજૂર કરવા માટે તારીખ ૭-૭-૯૭ થી ઉપલબ્ધ જાહેર કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલકરીના હુકમથી અને તેમના નામે

ભુજ-કચ્છ, ૩૧ માહે મે સને ૧૯૯૭.

(સહી) અવાચ્ય,
કલેકટર
કચ્છ-ભુજ

Printed at the Government Press, Rajkot
Complaints about Gazette must be made within a fortnight from the date of this Publication accompanied by the Wrapper.

INDEX

REGISTERED No. GRJ.-24

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XXXVIII] TUESDAY, 10th JUNE, 1997/JYAISTHA 20, 1919 No. 24

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

PART-I EXTRAORDINARY

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ મુંબઈનો અધિનિયમ-૨૨ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલ હુકમ :

હુકમ

નં. એમઆરજી-બીપીએ-૩૭(૩)૧૮૮૨/૯૭.-રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકામાં આવેલ ભાદર ડેમમાંથી પસાર થતી પાઈપ લાઈનો દ્વારા પાણી ચોરી પાડવામાં આવે છે. ગોંડલ નગરપાલીકાના પ્રમુખશ્રી ગજુભાસિંહ ઝાલા તથા નગરપાલીકાના સભ્યો અને અન્યો દ્વારા ગોંડલ શહેરને રાજકોટની ભાદરની પાણીની પાઈપ લાઈનમાંથી દસ લાખ ગેલન દૈનિક પાણી મળવા માટે તા. ૬/૬/૯૭ ના રોજ આંદોલન કરી ભાદર ડેમમાંથી પસાર થતી પાઈપ લાઈન તોડી પાડવાનુ એલાન કરેલ છે. જેથી આ આંદોલનના અનુસંધાને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતી જળવાય રહે તથા સુલેહશાંતિ ન જોખમાય તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) નીચે હુકમ કરવો જરૂરી હોવાનુ અમોને ઈષ્ટ જણાતા :-

તેથી મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭ ની પેટા કલમ ૩ થી મને બક્ષેલ અધિકારની રૂએ હું એફ. પી હલાણી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ રૂરલ જિલ્લા રાજકોટ આથી રાજકોટ રૂરલ જિલ્લાના ગોંડલ તાલુકા તથા સીટી પોલીસ સ્ટેશનની હદમાં આવતી રાજકોટ મહાનગરપાલીકાની ભાદરની પાણીની પાઈપ લાઈન તથા પાઈપ લાઈનો ઉપરના સાંધ વિગેરેની આસપાસ સો (૧૦૦) મીટરના આસપાસના વિસ્તારના તા. ૬/૬/૯૭ના ૦૦-૦૦ કલાકથી તા. ૯/૬/૯૭ના બોવીસ કલાક સુધીની મુદત માટે ચાર કરતા વધુ વ્યકિતઓએ પાઈપ લાઈનની આસપાસ કે આ પાઈપ લાઈન ઉપર આવતા સાંધની આસપાસ સો મીટરની હદમાં ભેગા થવું નહીં કે કોઈ સભા ભરવી નહી કે કોઈ સરઘસ કાઢવું નહી તેવો હું આદેશ કરૂ છુ.

વધુમાં હું આદેશ કરૂં છુ કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) સ્થાનીક સતાવાળાઓ, પાસેથી જરૂરી પરવાનગી મેળવી હોય, તે વ્યકિત કે સંસ્થાને

(૨) ફરજ પર હોય તેવા ગૃહરક્ષક દળની વ્યકિતઓને

(૩) કોઈ લગ્નના વરઘોડાને

(૪) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને

(૫) કોઈ સ્મશાન યાત્રાને

વધુમાં એવો પણ આદેશ કરૂં છું કે આ હુકમ ગોંડલ સબ ડીવીઝનના ગોંડલ સીટી તાલુકા વિસ્તારમાં તથા રાજકોટ શહેર પછી શરૂ થતી રાજકોટ રૂરલ જિલ્લાની હદથી ગોંડલ સુધીના તમામ વિસ્તારને દેખાય તેવા સ્થળોએ ચોટાડીને અને સદરહુ વિસ્તારમાં ઢંઢેરો પિટાવી અથવા લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત આપી અથવા રેડીયો ઉપર તેનુ પ્રસારણ કરી પ્રસિધ્ધ કરવાનું રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ અને તેની પેટા કલમ-૩ તથા ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૧૮૮ હેઠળ શિક્ષા પાત્ર થશે.

આજ તા. ૫/૬/૯૭ના રોજ મારી સહી તથા સિક્કા હેઠળ પ્રસિધ્ધ કર્યો.

INDEX

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના અધિનિયમ-૨૨ની કલમ ૩૭(૧) અન્વયે કાઢેલ

હુકમ

નં. એમએજી -બીપીઓ - વશી/૧૮૮૩/-૯૭ --રાજકોટ રૂરલ જીલ્લાના શહેરો તથા ગામડાઓમાં પિવાના પાણીની તથા વિજળીની પ્રવર્તતી તંગીના કારણે જનસમુદાય તરફથી કરવામાં આવતા આંદોલનના સમયે સુવર્ણ જયંતિ રથયાત્રા સમયે કાયદો અને વ્યવસ્થા જાળવવાના હેતુસર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં જાહેર સુલેહ શાંતિ અને સલામતી જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવો ન બનવા પામે તે માટે નીચે મુજબ હુકમ બહાર પાડવાનું અમોને ઈષ્ટ જણાય છે.

તેથી હું, એફ. પી. હાલાણી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જીલ્લા , રાજકોટ, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ,ની કલમ ૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂએ આ નીચે જણાવેલ વિસ્તારમાં તા. ૬-૬-૯૭થી તારીખ ૨૦-૬-૯૭ સુધી નીચેના કૃત્યોની મનાઈ ફરમાવું છું.

(૧) હથિયાર તલવાર, ભાલા, બંદુક, ધોકા, છરી, લાકડી કે લાઠી, શસ્ત્રો સળગતી મશાલ અથવા બીજા હથિયાર કે જેનાવડે શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવા વસ્તુઓ ફેંકવાની કે ઘકેલવાની, યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા, એકઠા કરવા અથવા તૈયાર કરવાનું.

(૩) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની, જેનાથી ચુરૂચી અથવા નીતિનો ભંગ થાય તેવા ભાષણ કરવાનું તથા હાવભાવ અગર ચેષ્ટા કરવાનું તથા તેવા ચિત્રો, પ્લેકાર્ડો, પત્રિકા અથવા બીજા કોઈપણ પદાર્થો આવા વસ્તુઓ તૈયાર કરવાનું તથા બનાવવાનું અથવા ફેલાવો કરવાનું.

વિસ્તાર :

(૧) પોલીસ કમિશનરશ્રી, રાજકોટ શહેરી હકુમત સિવાયનો રાજકોટ રૂરલ જીલ્લાનો સમગ્ર વિસ્તાર.

(૨) આ હુકમનો ખંડ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(અ) સરકારી નોકર કે કામ કરતી વ્યકિત કે જેને તેમના ઉપરી અધિકારીએ કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય.

(બ) વૃધ્ધ તથા અશકતો કે જેઓને લાકડીના ટેકે ચાલવાનું હોય.

(ક) જીલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તરફથી જેને પરવાનગી આપી હોય તેવી વ્યકિતઓ.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ- ૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેરાત ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં પોલીસ લાઉડ સ્પીકર વાહનો દ્વારા પ્રસારીત કરીને તથા જાહેર દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને અને સ્થાનીક વર્તમાનપત્રો અથવા ગુજરાત રાજયનાં અસાધારણ રાજયપત્રમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

મેં આજરોજ તા. ૫-૬-૧૯૯૭ના રોજ મારી સહી તથા સીકકો કરી હુકમ બહાર પાડયો.

રાજકોટ, ૫ માહે જૂન સને ૧૯૯૭.

એફ. પી. હાલાણી,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
રાજકોટ.

Printed at the Government Press, Rajkot.
Complaints about Gazette must be made within a fortnight from the date of this publication accompanied by the Wrapper.

INDEX

REGISTERED No. GRJ-24

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XXXVIII] WEDNESDAY 18th JUNE, 1987/JYAISTHA, 28, 1919 [No. 25

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

PART-I EXTRAORDINARY

પોલીસ કમિશ્નર દ્વારા

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ નંબર ૨૨ની કલમ ૩૭(૩) અન્વયે કાઢેલો.

હુકમ

ક્રમાંકઃએસ.બી./ ૧. નમું./૧૬૯૫/૯૭ :–રાજકોટ નાગરીક સહકારી બેંકનાં ચાર જગ્યાઓ માટેનાં બોર્ડ ઓફ ડીરેક્ટર્સની ચુંટણી (મતદાન તા. ૧૫-૬-૯૭ નાં રોજ કલાક ૮-૦૦ થી ૧૪-૦૦ વાગ્યા દરમ્યાન (૧) નેસ્ટ પ્રાઈમરી સ્કુલ, હનુમાન મઢી પાસે રૈયા રોડ (૨) મુરલીધર વિદ્યાલય કનકનગર સંતકબીર રોડ. (૩) ઠક્કર બાપા તાલુકા શાળા નં. ૨૬ ડાક બંગલો રેલ્વે સ્ટેશન સામે. (૪) શ્રી કૃષ્ણ શિશુ મંદિર ૧/૧૦ જયરાજ પ્લોટ 'શાન્તિ સદન' મહાવીર માર્ગ ખાતે થનાર છે.

આ મતદાનની પ્રક્રિયા કોઈપણ જાતની ખલેલ વિનાં શાંત વાતાવરણમાં યોગ્ય તેમજ બહારનાં તોફાની તત્વો આ મતદાનની કાર્યવાહી દરમ્યાન મતદારોને ખલેલ ન પહોંચાડે તથા અન્ય ગેરકાયદેસરની પ્રવૃત્તિ મતદાન દરમ્યાન ન થાય તે માટે નીચે મુજબનો મનાઈ હુકમ બહાર પાડવાનું આમોને ઈષ્ટ જણાય છે.

જેથી હું, ચિતરંજન સિંઘ, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર રાજકોટ શહેર સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ (મુંબઈના ૨૨ નો અધિનિયમ) ની કલમ ૩૭(૩) મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું, કે રાજકોટ શહેરમાં નીચે મુજબના વિસ્તારની આજુ બાજુ ૧૦૦ મીટરના વિસ્તારમાં તા. ૧૫-૬-૯૭નાં રોજ કલાક ૮-૦૦ થી ૧૪-૦૦ વાગ્યા દરમ્યાન ચાર કરતા વધારે માણસોએ ભેગા થવુ નહી અથવા કોઈ સભા ભરવી કે બોલાવવી નહી તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર :– (૧) નેસ્ટ પ્રાઈમરી સ્કુલ હનુમાન મઢી પાસે રૈયા રોડ, રાજકોટ.

(૨) મુરલીધર વિદ્યાલય, કનકનગર, સંતકબીર રોડ, રાજકોટ.

(૩) ઠક્કર બાપા, તાલુકા શાળા નં. ૨૬, ડાક બંગલો રેલ્વે સ્ટેશન સામે

(૪) શ્રી કૃષ્ણ શિશુ મંદિર ૧/૧૦ જયરાજ પ્લોટ શાંતિસદન મહાવીર માર્ગ.

અપવાદ :–

આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા ચુંટણી સબંધીક કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડના સભ્યો જેઓ ફરજ ઉપર હોય તેઓને તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા લગ્ન અંગેનાં સરઘસને લાગુ પડશે નહિ.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ અથવા ભારતીય ફોજદારી અધિનિયમ ૧૯૬૦નાં અધિ.ની કલમ૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે. આ હુકમ મતદાન કરનારને લાગુ પડશે નહીં.

આથી ફરમાવું છું કે આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમા સહેલાઈથી વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોટાડીને તથા સ્થાનિક વર્તમાન પત્રોમાં તથા ગુજરાત સરકારનાં અસાધારણ રાજપત્રમાં જાહેર કરીને બહોળી પ્રસિધ્ધી કરવાનું ફરમાવું છું.

આજરોજ તા. ૧૪-૬-૯૬નાં રોજ મારી સહી કરી કચેરીનું સીલ મારી આ હુકમ બહાર પાડયો. છે.

રાજકોટ, ૧૪ મહે, જુન સને ૧૯૯૭.

ચિતરંજન સિંઘ,
પોલીસ કમીશ્નર,
રાજકોટ શહેર.

Printed at the Government Press, Rajkot.
Complaints about Gazette must be made within a fortnight from the date of this Publication accompanied by the Wrapper.

INDEX

REGISTERED No G.RJ.-24

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XXXVIII] FRIDAY, 20th JUNE, 1997/JYAISHTHA 30, 1919 [No. 26

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

PART-II EXTRAORDINARY

પોલીસ કમિશ્નર દ્વારા
જાહેરનામું

ક્રમાંક : રાજ/સીપી/એલબી/૨/૧૪૦૭/૯૭.—રાજકોટ શહેરમાં આવેલ ઘીકાંટા રોડ કે જે સાંકડો હોય ત્યા બન્ને તરફથી અવર જવર વાહનોની ચાલુ રહેતો ટ્રાફીક સરળતાથી આવર જવર થઇ શકે નહી જેથી આ રોડ કે જે લાખાજીરાજ રોડથી શરૂ થાય છે તે ત્યાંથી પરાબજાર તરફ આવવા માટે ખુલ્લો રહે અને આજ રસ્તો પ્રેમીલા રોડના ચોક પાસેથી લાખાજીરાજ રોડ જવા માટે પ્રવેશ બંધ રહે અને વિકલ્પ રૂપે વાહનો પ્રેમીલા રોડ થઇ લાખાજીરાજ રોડ પર જઇ શકે તે મુજબ બનવે કરવાનો હિતાવહ જણાતા આત્રે નાં પત્ર ક્રમાંક : રાજ/સીપી/એલબી/૨/૮૦૬/૯૭ તા. ૨૯-૩-૯૭થી જાહેર નોટીશ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે જે અન્વયે મળેલ વાંધા સુચનો લક્ષમાં લઈને કાળજી પુર્વક વિચારણા પછી નીચે મુજબ આખરી હુકમ કરું છું.

સબબ હું ચિતરંજન સિંધ, પોલીસ કમીશ્નર, રાજકોટ શહેર અમોને મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩ (૧) (ખ) થી મળેલ ખાસ સત્તાની રૂએ ઘીકાંટા રોડ પ્રેમિલા ચોકથી ઘી કાંટા રોડ તરફ જવા માટે ત્રણ વ્હીલવાળા તથા ચાર વ્હીલવાળા વાહનો માટે સવારનાં કલાક ૮-૦૦થી બપોરનાં કલાક ૧૩-૦૦ સુધી તેમજ બપોરનાં કલાક ૧૬-૩૦ થી ૨૦-૩૦ વાગ્યા સુધી પ્રવેશ બંધી જાહેર કરું છું.

આ જાહેરનામાનો ભંગ કરનાર સામે મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૧૩૧ મુજબ પગલા લેવામાં આવશે.

આ જાહેરનામાનો અમલ તારીખ ૭-૭-૧૯૯૭ થી કરવા આથી ઠરાવવામાં આવે છે.

આજ રોજ તારીખ ૧૭-૬-૧૯૯૭ના રોજ અમારી સહી તથા સિક્કા નીચે જાહેર જનતાની જાણ માટે બહાર પાડેલ છે.

ચિતરંજન સિંધ,
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર

Printed at the Government Press, Rajkot.
Complaints about Gazette must be made within a fortnight from the date of this publication accompanied by the Wrappers.

INDEX

REGISTERED No. GRJ-24

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XXXVIII] THURSDAY 26th JUNE, 1987/ASHADHA, 5, 1919 [No. 27

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

PART-I EXTRAORDINARY

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના અધિનિયમ ૨૨ની કલમ ૩૭(૧) અન્વયે કાઢેલ

હુકમ

નં. એમ.એજી/બીપીએ-વશી-૨૦૪૧/૯૭૭.—રાજકોટ રૂરલ જીલ્લામાં આગામી દિવસોમાં અષાઢીબીજનો રથયાત્રા, સહકારી બેંકોની ચુંટણી તથા પાણીની પ્રવર્તતી તંગીના કારણે કરવામાં આવતા આંદોલનના સમયે કાયદો અને વ્યવસ્થા જાળવવાના હેતુસર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં જાહેર સુલેહ શાંતિ અને સલામતી જળવાય રહે અને કોઈ અનિચ્છનીય બનાવો ન બનવા પામે તે માટે નીચે મુજબ હુકમ બહાર પાડવાનું અમોને ઈષ્ટ જણાય છે.

તેથી હું, એફ. પી. હાલાણી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જીલ્લા, રાજકોટ, મને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭ (૧)થી મળેલ અધિકારની રૂએ આ નીચે જણાવેલ વિસ્તારમાં તા. ૨૪-૬-૯૭થી તારીખ ૨૩-૭-૯૭ સુધી નીચેના કૃત્યોની મનાઈ ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ભાલા, બંદૂક, પોકા, છરી, લાકડી કે લાકડી શસ્ત્રો, કે સળગતી મશાલ અથવા બીજા હથિયાર કે જેનાથી શારીરીક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવું.

(૨) પથ્થરો, અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાની કે ધકેલવાની, અથવા સાધનો સાથે રાખી જવા, ભેગા કરવા અથવા તૈયાર કરવાનું

(૩) મનુષ્યો અથવા શબો અથવા આકૃતીઓ અથવા પુતળા દેખાડવાની જેનાથી સુચીત અથવા નીતિઓનો ભંગ થાય તેવા ભાષણ કરવાની તથા હાવભાવ અગર ચેષ્ટા કરવાનું તથા તેવા ચીત્રો, પ્લેકાર્ડો, પત્રિકા અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાનું તથા બનાવવાનું અથવા ફેલાવો કરવાનું.

વિસ્તાર :—

(૧) પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરી હકુમત સિવાયનો રાજકોટ રૂરલ જીલ્લાનો સમગ્ર વિસ્તાર.

(૨) આ હુકમનો ખંડ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(અ) સરકારી નોકર કે કામ કરતી વ્યકિત કે જેને તેમના ઉપરી અધિકારીઓ કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય.

(બ) વૃધ્ધ તથા અશકતો કે જેઓને લાકડીના ટેકે ચાલવાનું હોય.

(ક) જીલ્લા પોલીસ અધિકારીશ્રી, અથવા સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, તરફથી જેને પરવાનગી આપી હોય તેવી વ્યકિતઓ.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેરાત ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં પોલીસ દ્વારા લાઉડ સ્પીકર વાહનો દ્વારા પ્રચારીત કરીને તથા જાહેરમાં દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને તથા સ્થાનિક વર્તમાનપત્રો અને ગુજરાત રાજ્યનાં અસાધારણ રાજ્યપત્રમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આજ તારીખ ૨૩ મહે જુન સને ૧૯૯૭ના રોજ મારી સહી તથા સીક્કો કરી હુકમ બહાર પાડયો

એફ. પી. હાલાણી,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
રાજકોટ.

Printed at the Government Press, Rajkot
Complaints about Gazette must be made within a fortnight from the date of this Publication Accompanied by the Wrapper.

INDEX

REGISTERED No. GRJ.-24

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XXXVIII] MONDAY 30th JUNE, 1987/ASHADHA 9, 1919 No. 28

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

PART-I EXTRAORDINARY

પોલીસ કમિશ્નર દ્વારા

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના નિયમ-૨૨ની કલમ ૩૭ (૧) અન્વયે કાઢેલ

હુકમ

ક્રમાંક : એસ.બી.—જાહેરનામું-૧૮૩/૧૯૯૭.—રાજકોટ શહેરમાં આગામી તા. ૧૮—૭—૯૭ નાં રોજ ઈદ એ મિલાદ (મહંમદ પયગંબર સાહેબનો જન્મ દિન) નો તહેવાર હોય અને પ્રર્વતમાન પરિસ્થિતિ અંગે સંજોગોને અનુલક્ષીને રાજકોટ શહેરમાં શાંતિ અને વ્યવસ્થા જળવાય રહે અને કોઈપણ પ્રકારના અનિચ્છનીય બનાવ બનવા ન પામે તે હેતુસર જાહેરનામું બહાર પાડવા આવે ઈષ્ટ જણાય છે.

જેથી હું, ચિતરંજન સિંઘ, આઈ.પી.એસ. પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમનાં નિયમ ૨૨ની કલમ ૩૭ (૧) થી મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તા. ૧-૭-૯૭ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૧-૭-૯૭ના કલાક ૨૪-૦૦ સુધીનાં નીચેનાં કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, ચપ્પુ, બરછી, ભાલું, અગ્નિ, શસ્ત્રો, સોટા, લાકડી અથવા ભાલું, લાઠી ડંડા, તલવાર, મીસાઈલ વિ. સાથે તેમજ શારિરીક હિંસા પહોંચાડવા માટે ઉપયોગમાં લઈ શકાય તેવાં કોઈપણ ચીજવસ્તુ લઈ જવાની કે એકઠા કરવાની તૈયાર કરવાની કે ધારણ કરવાની.

(ખ) કોઈપણ ભયકારી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેંકવા કે નાંખવા માટે યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની, તૈયારી કરવાની.

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ચ) વ્યકિત અથવા તેનાં શબ અથવા આકૃતિઓનાં પુતળા દેખાડવાની અથવા તેવાં ચિત્રો, નિશાનીઓ જાહેરખબર અથવા તેનો ફેલાવો કરવાની અને તેવાં અધિકારીઓના અભિપ્રાય જોખમાતા હોય અથવા તેને પરિણામે રાજ્યની સત્તા ઉથલી પડવાની સંભવ હોય તેવાં છટાકેદાર ભાષણ આપવાની કે તેનો ફેલાવો કરવાનો.

વિસ્તાર:- પોલીસ કમિશ્નર, રાજકોટ શહેરની હકુમત તળેનો સમગ્ર વિસ્તાર

આપવામાં આવે છે :- આ ખંડ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કરતી વ્યકિત કે જેને ઉપરી અધિકારીઓએ કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા લઈ જવાનું તેની ફરજોમાં આવતું હોય.

(૨) વૃધ્ધ અશકત લોકો કે જેને લાકડીને ટેકે ચાલવાનું હોય.

(૩) પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર તરફથી જેને પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

INDEX

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ ની મુંબઈ પોલીસ અધિનિયમની કલમ–૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેરાત ઉપર નિર્દિષ્ટ કરેલાં વિસ્તારમાં પોલીસ લાઉડ સ્પીકર દ્વારા પ્રસારિત કરી તેમજ જાહેરમાં દેખી શકાય તેવી જગ્યાઓ ચોંટાડીને સ્થાનિક વર્તમાનપત્રોમાં અને ગુજરાત રાજ્ય અસાધારણ રાજ્યપત્રમાં જાહેરાત પ્રસિધ્ધ કરવા ફરમાવું છું.

રાજકોટ, ૨૯ માહે જુન સને ૧૯૯૭.

ચિતરંજન સિંઘ,
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર.

Printed at the Government Press, Rajkot.
Complaints about Gazette must be made within a fortnight
from the date of this publication accompanied
by the Wrapper.

INDEX

REGISTERED No. GRJ.-24

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XXXVIII] WEDNESDAY 9th JULY, 1997/ASHADHA, 18, 1919 [No. 29

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

PART-I EXTRAORDINARY

અધિક જીલ્લા મેજીસ્ટ્રે ટ્રારા

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના અધિનિયમ-૨૨ની કલમ-૩૭ (૩) અન્વયે કાઢેલો હુકમ :–

હુકમ

નં. એમએજી- બીપીએ-૩૭(૩)-વશી-૨૨૦૧.— જેતપુર, નવાગઢ સંયુકત નગરપાલીકાના જકાત ઈજારાના બાબતે તાજેતરમાં વિરોધ દર્શાવવાના પ્રસંગે થયેલ ત્રણ માણસોના અપમૃત્યુ ના કારણે જેતપુર શહેરમાં અવાર નવાર બંધનુ એલાન તથા સભા, સરઘસો યોજાતા હોઈ જાહેર સુલેહશાંતી તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) પેટા કલમ-૩ નીચે હુકમ કરવો જરૂરી હોવાનું અમોને ઈષ્ટ જણાતા,

જેથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૩) થી મળેલ અધિકારની રૂએ હું, એફ. પી. હાલાણી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જીલ્લા, રાજકોટ આથી રાજકોટ જીલ્લાના જેતપુર, નવાગઢ સંયુકત નગરપાલિકા વિસ્તારોમાં તા. ૮-૭-૧૯૯૭ના કલાક ૦૦-૦૦ થી તા. ૨૧-૭-૧૯૯૭ના ૨૪-૦૦ કલાક સુધીની મુદત માટે ચાર કરતા વધુ વ્યકિતઓને એકત્રિત થવુ નહીં અથવા કોઈ સભા ભરવી નહી કે કોઈ સરઘસ કાઢવું નહી તેવો આદેશ કરૂં છુ.

તેમાં હું આદેશ કરૂ છું કે આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહિ.

૧. સ્થાનીક સત્તાવાળાઓ પાસેથી જરૂરી પરવાનગી મેળવી હોઈ તેવી વ્યકિત કે સંસ્થાને.
૨. ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતને.
૩. કોઈ લગ્નના વરઘોડાને,
૪. સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને
૫. કોઈ સ્મશાન યાત્રાને.

હું એવો આદેશ કરૂ છુ કે આ હુકમ જેતપુર, નવાગઢ સંયુકત નગરપાલીકા વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને અને સદરહુ વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને અથવા ચાઉડ સ્પીકરો મારફતે તેની જાહેરાત આપીને અથવા રેડિયો ઉપર તેનુ પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવાની રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમ ની કલમ-૧૩૫ની પેટા કલમો તથા ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૭-૭-૧૯૯૭ના રોજ મારી સહી તથા સીક્કા હેઠળ હુકમ કર્યો.

રાજકોટ, ૭ માહે જુલાઈ સને ૧૯૯૭.

એફ. પી. હાલાણી,
અધિક જીલ્લા મેજીસ્ટ્રે ટ,
રાજકોટ જીલ્લો.

Printed at the Government Press, Rajkot
Complaints about Gazette must be made within a fortnight from the date of this Publication Accompanied by the Wrapper.

INDEX

REGISTERED No. GRJ.-24



The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XXXVIII] TUESDAY 15th JULY, 1997/ASHADHA, 24, 1919 [No. 30

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

PART-I EXTRAORDINARY

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ નંબર ૨૨ની કલમ ૩૭ (૩) અન્વયે કાઢેલ હુકમ.

પોલીસ કમિશનર દ્વારા

